## નવલિકા

### "તરસ" – લેખક: યશવંત ઠક્કર

'ચિનગારી કોઈ ભડકે તો સાવન ઉસે બુઝાયે, સાવન જો અગન લગાયે ઉસે કૌન બુઝાયે…'

સુબોધભાઈ ચમક્યા. એમણે કાન સરવા કર્યા. આ કોનો અવાજ? કિશોરકુમારનો તો નથી જ. કોઈ નવો ગાયક ટીવીના પરદેથી રાજેશ ખન્નાને શ્રદ્ધાંજલી આપતો હશે એમ વિચારી એ બેઠકખંડમાં જઈને ઊભા રહ્યા. એમણે જોયું તો ટીવી બંધ હતું.

'શું થયું?' અરુણાબહેને પૂછ્યું.

'હમણાં ટીવીમાં 'ચિનગારી કોઈ ભડકે' એ ગીત વાગતું હતું?'

'ટીવી તો બંધ છે. તમને રાજેશ ખન્નાનાં ગીતોના ભણકારા વાગતા લાગે છે. સળંગ બે દિવસ સુધી ટીવીને છોડ્યું નહિ. ખન્ના, ખન્ના ને ખન્ના! પછી ભણકારા વાગે જ ને?'

સુબોધભાઈએ પોતાના શયનખંડમાં જઈને મન મનાવ્યું કે, 'આ ભણકારા પણ હોઈ શકે.'

રાજેશ ખન્નાના અવસાનના સમાચાર ટીવીમાં આવ્યા પછી મીડિયાની સાથેસાથે સુબોધભાઈ પણ ખન્નામય થઈ ગયા હતા . ચેનલ બદલી બદલીને રાજેશ ખન્નાની જિંદગી વિષે જાણવા ન જાણવા જેવું ઘણું ઘણું જાણ્યું હતું . એ પોતે પણ રાજેશ ખન્નાના આશિક હતા અને રાજેશ ખન્ના વિષે ઘણું ઘણું જાણતા હતા . છતાંય, ટીવીના પરદેથી એ બધું જ વારંવાર જોવામાં આનંદ અને અફસોસ બંને થયા હતા. આનંદ એટલા માટે કે, રાજેશ ખન્નાના વીતેલા એ સમયની રોનક જોવા મળી હતી કે જે સમયના પોતે પણ સાક્ષી હતા. અને, અફસોસ એ વાતનો કે, રાજેશ ખન્ના શું હતો ને શું થઈ ગયો?

એમણે તો ટીવી જોતાં જોતાં અવારનવાર પત્ની સમક્ષ પોતાની બળતરા વ્યકત કરી હતી કે , 'રાજેશ ખન્નાએ ભલે બીજું બધું કર્યું પણ માંદા માંદા ઊભા રહીને પંખાની જાહેરાત નહોતી કરવી જોઈતી. ક્યાં તાજા ગલગોટા જેવો ચહેરો ને ક્યા આ જોઈને જીવ બળે એવો ચહેરો!'

દર વખતે અરુણાબહેનનું કહેવું એક જ પ્રકારનું રહ્યું હતું કે , 'સમય કોઈને છોડતો નથી .' ને દર વખતે સુબોધભાઈ એવું જ કશું બોલતા કે, 'સમય સાલો બહુ દાદાગીરી કરે છે!'

સુબોધભાઈએ પૂરા બે દિવસ સુધી દુઃખ અને સુખ વચ્ચે આવનજાવન કરી હતી .એક તરફ પોતાના માનીતા કલાકારના અવસાનનું દુઃખ હતું તો બીજી તરફ એ જ કલાકારની એકધારી પ્રશંસાનું સુખ પણ હતું.

ટીવીમાં જ્યારે રાજેશખાન્નાના ચાહકો એમનો ખન્નાપ્રેમ વ્યક્ત કરતા હતા ત્યારે સુબોધભાઈને પણ મન થઈ જતું હતું કે , પોતે પણ કોઈ રિપૉર્ટરને પકડીને કહે કે : 'હા, રાજેશખન્ના અમારા જમાનાનો હીરો હતો . અમે કલાકો સુધી લાઈનમાં ઊભા રહીને અને દંડા ખાઈને પણ એમની ફિલ્મો જોઈ છે . એની ફિલ્મો જોવા માટે અમે કલાસમાંથી ગુલ્લા માર્યા છે . કાળાબજારની ટીકીટો લીધી છે . એનો જાદુ કેવો હતો એની ખબર અત્યારની પેઢીને શું પડે?'

પોતે પણ એક જમાનામાં રાજેશખન્નાના વાળ જેવા વાળ રાખ્યા હતા , એનાં કપડાં જેવાં કપડાં પહેર્યાં હતાં, એની જેમ જ ચપટીઓ વગાડી હતી, આંખો ઉલાળી હતી અને તાળીઓની લેવડદેવડ કરી હતી …સુબોધાભાઈએ લગ્ન પહેલાંની આવી આવી વાતો ઘણા વર્ષો પછી ફરીથી અરુણાબહેનને હોંશે હોંશે આ બે દિવસો દરમ્યાન કરી હતી . પરંતુ, ભૂતકાળનો રંગ જેટલી હદે સુબોધભાઈ પર ચડતો હતો એટલો અરુણાબહેન પર ચડતો નહોતો . એટલે અરુણાબહેન 'નામ એનો નાશ ' એવું એકાદ વાક્ય બોલીને પોતાના કામમાં પરોવાઈ જતાં અને સુબોધભાઈ રાજેશખન્નાની જાહોજલાલીના દિવસોની યાદમાં પરોવાઈ જતા.

...શયનખંડમાં સુબોધભાઈ છાપું હાથમાં લઈને પથારીમાં આડા પડ્યા . 'દુકાળના વાગી રહેલા ભણકારા ' એ મથાળા હેઠળના સમાચાર વાંચ્યા. બીજા સમાચાર વાંચે એ પહેલાં જ એમણે કોઈના ડૂસકાંનો અવાજ સાંભળ્યો . પહેલાં તો એમણે એના પર ધ્યાન ન આપ્યું પરંતુ ડૂસકાંનો અવાજ સતત ચાલુ રહેતાં એ ઊભા થયા અને ફરી બેઠકખંડમાં જઈને ટીવી સામે જોઈ જ રહ્યા .

'વળી શું થયું?' અરુણાબહેને પૂછ્યું.

'ટીવીમાં હમણાં સાસુવહુની સિરિઅલ ચાલતી'તી?'

'ના રે ના! આ તો લાફ્ટર શો ચાલે છે. કેમ એવું પૂછો છો?'

'મને કોઈને ડૂસકાં સંભળાયાં એટલે મને થયું કે કોઈ વહુ પર દુઃખના ડૂંગર તૂટી પડ્યા હશે .'

'તમને આજે કેમ જાતજાતના ભણકારા વાગે છે?'

'હશે!' કહીને સુબોધભાઈ ફરીથી શયનખંડમાં ગયા.

મન છાપામાં ફરી પરોવાય તે પહેલાં જ એમને ફરીથી ડૂસકાં સંભળાવા લાગ્યાં . એમણે કાન સરવા કર્યા. આ વખતે અવાજ, એની દિશા પકડી શકાય એટલો સ્પષ્ટ લાગતો હતો. એ અવાજ રૂમના માળિયા પરથી આવતો હોય એવું એમને લાગ્યું.

સુબોધભાઈએ ખૂણામાં પડેલું ટેબલ માળિયા પાસે ગોઠવ્યું અને ટેબલ પર ચડ્યા . માળિયા પર જરૂરી અને બિનજરૂરી સામાન જોઈ રહ્યા. એમની નજર એક થેલા પર અટકી. ડૂસકાંનો અવાજ એમાંથી જ આવતો હોવાનું લાગ્યું.

એમણે નાના બાળકને ઊંચકતા હોય તેમ એ થેલાને ઊંચક્યો અને એને લઈને પથારીમાં બેઠા . થેલો ખોલ્યો ને જોયું તો અંદર રેઈનકોટ હતો. રડી રડીને થાકી ગયો હોય એવો.

'તું રડતો હતો?' સુબોધભાઈ પૂછ્યું.

'હા.' સુબોધભાઈને દુઃખી અવાજ સંભળાયો.

'પણ તું તો રેઈનકોટ છે. તને રડવું આવે?'

'કેમ ન આવે? રડવાનો હક માત્ર તમને લોકોને જ છે?'

'પણ તું તો નિર્જીવ છેને?'

'તો શું થઈ ગયું?'

'નિર્જીવને લાગણી ન હોય.'

'કોણે કહ્યું?'

'ભણવામાં આવ્યું,તું.'

'તમે સજીવો બધું જ ખોટું ભણ્યા છો . એટલે જ નિર્જીવ પર દયાભાવ નથી રાખતા . તમને જિંદગીમાં સજીવ જેટલા કામ લાગે છે એટલા જ, અરે એનાથી પણ વધારે નિર્જીવ કામ લાગે છે તોય તમે એની કાળજી નથી રાખતા . મારી જ વાત કરોને. માળિયે ચડાવ્યા પછી મારી કાળજી રાખી? શ્રાવણ આવ્યો તોય મને નીચે ઊતાર્યો? ગરમીમાં શેકાતા મારા દેહનો વિચાર કર્યો?'

'ઓહોહો! એટલે... ચિનગારી કોઈ ભડકે .. એ ગીત તું ગાતોતો?'

'શું કરું? રહેવાયું નહિ.'

'મારાથી પણ નથી રહેવાતું . જેઠ ગયો. અષાઢ ગયો. આ શ્રાવણ પણ ચાલ્યો . મેઘરાજા તો આવવાનું નામ નથી લેતા . અરે! મેઘરાજાની કૃપા હોય તો તો ભીમ અગિયાયારશ પહેલાં વાવણી થઈ જાય . અષાઢમાં તો બારે મેઘ ખાંગા થઈ ગયા હોય ! આ શ્રાવણમાં તો લોક હાથ જોડીને કહેતા હોય કે , ખમ્મા કરો મેઘરાજા ખમ્મા કરો . એના બદલે આ અગનજ્વાળાઓ ! સહન નથી થતી.'

'તમારાથી સહન નથી થતી તો શું મારાથી થાય છે? મને પણ અફસોસ નહિ થતો હોય?'

‘કેવો અફસોસ?’

‘હજી સુધી મને પણ વરસાદમાં ભીંજાવા નથી મળ્યું.’

‘આપણે બંને સમદુખિયા છીએ. પણ એનો કોઈ ઉપાય ....’

સુબોધભાઈ પોતાનો જવાબ પૂરો કરે તે પહેલા તો એમને ઉપાય સૂઝી પણ ગયો . એમણે રેઈનકોટનાં બટન ખોલ્યાં અને ઊભા થઈને રેઈનકોટ પહેરી લીધો. પછી ઝડપથી બાથરૂમમાં પહોંચ્યા.

બાથરૂમમાં ફુવારો ચાલુ કરીને નીચે ઊભા રહી ગયા . આકાશમાંથી ખાબકતા ધોધમાર વરસાદમાં ભીંજાતા હોય એમ એ ફુવારા નીચે રેઈનકોટ સહિત ભીંજાવા લાગ્યા . બાથરૂમ જાણે કે શહેરનો રાજમાર્ગ હતો અને બાથરૂમની છત જાણે કે બારે મેઘ ઠાલવતું આકાશ હતું! ઘર જાણે કે દૂર હતું અને પલળવા સિવાય કોઈ વિકલ્પ નહોતો! એ પલળતાં જ રહ્યા!

રેઈનકોટની ટોપી એમના મસ્તકને ભીંજાતું રોકી ન શકી . એમની આંખો, એમના કાન, એમનું નાક એ તમામ અંગો જાણે કે , વરસાદી જળના સ્પર્શથી ધન્ય ધન્ય થઈ ગયાં. જળથી રેઈનકોટ તો ભીંજાયો પણ રેઈનકોટથી ઢંકાયેલો એમનો દેહ પણ થોડોઘણો ભીંજાયો. જળ તો રેઈનકોટ પરથી વહીને એમના પગનાં તળિયે પહોંચ્યું. તળિયાને ઠંડક થઈ ગઈ.

પગનાં તળિયેથી લઈને માથા સુધી ઠંડક દેહમાં ભળી ગઈ એટલે ‘ખમ્મા કરો મેઘરાજા!’ એવા ઉચ્ચાર સાથે એમણે ફુવારો બંધ કર્યો અને બાથરૂમની બહાર નીકળ્યા.

ઓરડા વીંધીને એ ઘરના દરવાજે જઈને ઊભા રહ્યા . એ રીતે ઊભા રહ્યા જાણે કે, શહેરમાથી રેઈનકોટ સહિત પલળતાં પલળતાં ઘરના દરવાજે આવીને ઊભા રહ્યા હોય!

‘અરેરે! આ શું કર્યું?’ અરુણાબહેને એમની હરકતથી અકળાઈને બૂમ પાડી.

‘કશું કર્યું નથી. વરસાદમાં પલળીને આવ્યો છું. જલદી ટુવાલ લાવ.’

‘ આ ઉંમરેય છોકરમત છોડતા નથી. આખું ઘર ભીનું કર્યું.‘ અરુણાબહેને બળાપા સહિત ટુવાલ આપ્યો.

સુબોધભાઈ કોરા થયા. કપડાં બદલાવ્યાં. ભીનો રેઈનકોટ વરંડામાં દોરી પર લટકાવ્યો અને રાજેશખન્ના સ્ટાઇલથી ચપટી વગાડીને અરુણાબહેનને કહ્યું: ‘મસાલાવાળી સરસ મજાની ચા બનાવ. આજે વરસાદમાં બહુ પલળ્યો છું.’

‘ટીવીવાળાની જેમ તમને પણ રાજેશખન્ના બરાબરનો વળગ્યો છે .’ અરુણાબહેને ટીવીના એન્કર તરફ મોઢું બગાડ્યું અને ટીવી બંધ કરીને રસોડામાં ગયાં.

... ચા આવી. કપમાંથી નીકળતી વરાળ જોઈને ચપટી વગાડતા બોલ્યા : ‘વાહ! આવા વાતાવરણમાં ચા પીવાની મજા અલગ જ હોય છે. તારું શું કહેવું છે ?’

‘મારે કશું નથી કહેવું.’ અરુણાબહેને કડક અને મીઠા ગુસ્સા સાથે કહ્યું.

સુબોધભાઈ, વરસાદમાં ભીંજાયા પછી ગરમગરમ ચા પીતાં પીતાં જેવી પ્રસન્નતા અનુભવાય એવી પ્રસન્નતા અનુભવી રહ્યા હતા ને એમણે અવાજ સાંભળ્યો: ‘હાઁ..., સચ્ચાઈ છુપ નહિ સકતી, બનાવટ કે ઉસૂલોં સે ... કિ ખુશબૂ આ નહિ સકતી, કભી કાગજ કે ફૂલોં સે.’

સુબોધભાઈ વરંડામાં ।લટકતા રેઈનકોટની સામે જઈને ઊભા રહી ગયા . બોલ્યા:‘કેમ ભાઈ? વળી શું થયું? આવું નકારાત્મક ગીત ગાવાનું કશું કારણ?’

‘શું કરું? કેટલી ગરમી છે? વરસાદમાં ભીંજાવાનું ક્યારે મળશે?’ એમને રેઈનકોટનો જવાબ સંભળાયો.

‘અરે ભાઈ! આટલું તો ભીંજાયા. હવે કેટલું ભીજાવું છે?’

‘આ ભીંજાવું એ ભીંજાવું છે? વરસાદ એ વરસાદ અને ફુવારો એ ફુવારો!’

‘ભાઈ, હુંય જાણું છું કે ભીંજાવું આવું ન હોય. પણ, જેટલું નસીબમાં હોય એટલું ભીંજાવાય. રાહ જો. સહુ સારાં વાનાં થશે.’

‘કેટલી રાહ જોવાની?’

‘કેમ? હું રાહ નથી જોતો? મને વરસાદની તરસ નહિ હોય? તોય સહન કરું છુને?’

... ‘શું એકલા એકલા બબડો છો?’ વરંડામાં આવી ચડેલાં અરુણાબહેને ફરીથી કડક અને મીઠા ગુસ્સા સાથે પૂછ્યું.

‘હું બબડું છું કે વાતો કરું છું?’

‘બબડો જ છોને વળી! આ ઘરમાં મારી સિવાય કોણ છે જે તમારી સાથે વાતો કરે?’

‘કેમ? આ રેઈનકોટ નથી? એનામાં કેટલી સમજ છે? કહે છે કે, વરસાદ એ વરસાદ અને ફુવારો એ ફુવારો ! મેં એને કહ્યું કે, રાહ જો. સહુ સારાં વાનાં થશે. પણ નથી માનતો. બહુ અધીરો થઈ ગયો છે.’

‘તમે નવરા છો એટલે ગાંગડા કાઢ્યા કરો. હું નવરી નથી. મારે સત્તર કામ છે. ’ અરુણાબહેને ગુસ્સો કર્યો. કડક અને મીઠો.

અરુણાબહેન કામે વળગ્યાં . સુબોધભાઈએ રેઈનકોટની પીઠ પર હાથ ફેરવ્યો . ‘જોયું?’ એ બોલ્યા, ‘આપણે સુખદુઃખની બે વાતો કરીએ છીએ તો આ બાઈ કહે છે કે, ‘તમે ગાંગડા કાઢો છો.’ તું જ કહે, હું ગાંગડા કાઢું છું? કે પછી તારી સાથે પ્રેમથી વાતો કરું છું?’

‘કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના..’

‘લે કર વાત! તું પણ ખન્નાનો આશિક લાગે છે?’

‘જેવા તમે, એવો હું’

‘ચાલ, એ વાત પર જરા આરામ કરું . સાંજે જરા બહાર આંટો મારવાનો વિચાર છે . સાલું, આ ટીવી જોઈજોઈનેય હવે થાક લાગે છે!’

...સાંજે બહાર આંટો મારવા જતી વખતે સુબોધભાઈએ રેઈનકોટને પ્લાસ્ટિકની થેલીમાં નાખીને સાથે લીધો.

‘અરે પણ આ રેઈનકોટને શું કામ લઈ જાવ છો?’ અરુણાબહેને રોજિંદા કડક ને મીઠા ગુસ્સા સાથે પૂછ્યું.

‘ભલેને રહ્યો. કદાચ વરસાદ આવે તો કામ લાગશે.’ સુબોધભાઈએ સહજ જવાબ દીધો.

‘વરસાદ? વરસાદ કેવો ને વાત કેવી? વાદળાં તો વરસવાનું નામ નથી લેતાં. મૂકો એને.’

‘તું તારું ડહાપણ તારી પાસે રાખ. આ શ્રાવણ છે. વાદળી ઝરમર ઝરમર ક્યારે વરસે એ નક્કી નહિ.’

સુબોધભાઈ બહાર આંટો મારવા ગયા.

‘રમત, મજાક, છોકરમત... બધું હોય. પણ આ હદે ન હોય .’ એવા વિચારો સાથે અરુણાબહેને ટીવી ચાલુ કર્યું . ટીવી પર રાજેશખન્નાની ફિલ્મનું ગીત વાગતું હતું ... જિંદગી કા સફર , હૈ યે કૈસા સફર ...કોઈ સમઝા નહીં , કોઈ જાના નહીં . ... ‘ હજી રાજેશખન્નાનો પીછો નથી છોડતા.’ અકળાઈને અરુણાબહેને ચેનલ બદલી તો ત્યાં રાજેશખન્નાની જીવનગાથા રજૂ થઈ રહી હતી . જે અરુણાબહેનને થોડીઘણી મોંઢે થઈ ગઈ હતી . સુબોધભાઈને તો એ સમગ્ર જીવનગાથા મોંઢે હતી . અરુણાબહેને ટીવી બંધ કર્યું . સુબોધભાઈ હાજર હોત તો એમને એવું ન કરવા દેત.

સુબોધભાઈ આંટો મારીને આવ્યા ત્યારે એમને રેઈનકોટ પહેરેલો હતો . ‘મને વરસાદ આવવા જેવું લાગ્યું એટલે મેં તો રેઈનકોટ પહેરી લીધો પણ..’

‘તમે પણ નાના છોકરાની જેમ લીધું વેન નથી મૂકતા. હવે વરસાદને ભૂલી જાવ. આવતી સાલ આવશે.’

‘આવતી સાલ? બહુ કહેવાય. બીજાનું તો ઠીક. પણ મારા આ રેઈનકોટની શી દશા થાય?’

‘લાવો. એને પાછો માળિયે મૂકી દઉં.’

‘ના ના. માળિયે બિચારો બફાઈ જશે. ભલે નીચે રહ્યો.’

... આવી રીતે આખો દિવસ પૂરો થયો. આવી જ રીતે અઠવાડિયું પૂરું થયું.

આવી જ રીતે એક સાંજે સુબોધભાઈ રેઈનકોટ થેલીમાં નાખીને બહાર ગયા હતા ત્યારે અરુણાબહેનથી અમેરિકા અનુરાગને ફોન કર્યા વગર રહેવાયું નહિ. 'બેટા, તું દિવાળીમાં આવવાનો છેને?'

'મમ્મી, મેં હજુ ફાઈનલ નથી કર્યું. હું ટ્રાય કરીશ.'

'અનુરાગ બેટા, તું ફાઈનલ કરી નાંખ. બને તો વહેલો આવી જા.'

અરુણાબહેનના અવાજમાં રહેલી ચિંતાને અનુરાગ પારખી ગયો.

'મમ્મી, કેમ એવું કહે છે? બધું બરાબર છેને? મારા પપ્પાની તબિયત ઓકે છેને? ઘરે છે કે દુકાને?'

'અત્યારે બહાર ગયા છે. દુકાન તો બહુ ચાલતી નથી એટલે હવે ખોલતા જ નથી. દુકાળની અસર છે. આમેય નજીકમાં મોલ થયા પછી ઘરાકી ઓછી થઈ ગઈ છે.'

'દુકાન ન ચાલે તો બંધ કરી દેવાની. મારા પપ્પાને હવે આરામની જરૂર છે. બહુ મહેનત કરી છે.'

'દુકાન તો બંધ કરી દઈશું પણ તારા પપ્પા આખો દિવસ ઘેર બેસીને શું કરશે ? ગરમી એટલી બધી પડે છે કે સાંજ સિવાય એ બહાર નીકળી શકે એમ જ નથી. સાંજે બહાર નીકળે છે તોય મને ચિંતા થાય છે.'

'મમ્મી, એમને એકલા બહાર જવા દેતી નહિ.'

'નથી માનતા.. આખો દિવસ ઘરમાં બેસીને પણ શું કરે?'

'ટીવી છેને? ટીવી નથી જોતા?'

'ટીવીની તો રામાયણ છે. આખો દિવસ સમાચારો જોયા કરે અને દુઃખી થયા કરે છે . આજકાલ તો બસ રાજેશખન્નાના જ સમાચારો જોયા કરે છે. જૂની વાતો યાદ કર્યા કરે છે. પહેલાં પરિવારમાં બધાં ભેગાં રહેતાં હતાં, એ જમાનો સારો હતો; એવી વાતો પણ કર્યા કરે. ક્યારેક તો બહુ વિચિત્ર વર્તન કરે છે.'

'કેમ? શું કરે છે?'

'એકલા એકલા વાતો કરે છે.'

'મમ્મી, એ તો એમની ઉંમરના કારણે હોય. તું ચિંતા ન કરીશ.'

'ના અનુરાગ, આ ઉંમરના કારણે હોય એવું નથી લાગતું. મને તો આ...' અરુણાબહેન અટકી ગયાં.

થોડી ભારદાર ક્ષણો વાતચીત વગર પસાર થઈ ગઈ.

'મમ્મી, તું શું કહેતી હતી?' અનુરાગે વાતચીત ફરી શરૂ કરી.

'બેટા, મને તો તારા પપ્પાની આ તકલીફ માનસિક હોય એવું લાગે છે ...' અરુણાબહેન આટલું તો માંડ બોલી શક્યાં . પછી અનુરાગને સંભળાયાં મમ્મીનાં માત્ર ડૂસકાં!

[સમાપ્ત]

**સંપર્ક: યશવંત ઠક્કર**

**Email: asaryc@gmail.com**